## ઘટેલી આવકથી રાજયોને આપવાના વળતર માટે અનેક વિકલ્પો પર વિચારણા

# ગારમેન્ટ, ફૂટવેર સહિતના ઉત્પાદનોમાં જીએસટી દર વધારવા કેન્દ્રને સલાહ

નવી દિલ્હી, તા. ૧૬

દેશમાં કોરોના અને લોકડાઉનની સ્થિતિના કારણે કેન્દ્ર સરકારની આવકને પણ મોટો ફટકો પડયો છે અને તેના આધારે રાજય સરકારને પણ કરવેરામાં જે હિસ્સો મળે છે તેમાં ઘટાડો થશે તે નિશ્ચિત છે તે વચ્ચે સરકારને જીએટીના સ્લેબમાં સુધારો કરવા માટે ભલામણ કરી છે જોકે હાલની તકે ખાસ કરીને રાજકીય માહોલ જોતા જીએસટી દર વધારવા માટે સરકાર કેટલી હિંમત કરશે તે પ્રશ્ન છે. પરંતુ ડયુટી સ્ટ્રકચરમાં ફેરફાર કરવા અને ખાસ કરીને ગારમેન્ટ, ફુટવેર અને ખાતરમાં ફેરફાર કરીને કેન્દ્ર અને રાજય વધુ આવક મેળવી શકે તે માટે ભલામણ કરવામાં આવી છે. હાલમાં જ મળેલી જીએસટી કાઉન્સીલની બેઠકમાં અનેક રાજયના નાણામંત્રીઓએ જીએસટીના દર વધારવાની દરખાસ્ત બેઠકમાં પહોંચવા જ દીધી ન હતી. ખાસ કરીને સરકાર ગારમેન્ટ અને ફુટવેરના ક્ષેત્રમાં જીએસટી દરમાં અથવા તેના સ્ટ્રકચરમાં વધારો કરવા માંગે છે. આ બંને ઉત્પાદનોમાં ઈનપુટ ટેકસ ક્રેડીટના કારણે વાસ્તવિક જીએસટી દર અત્યંત નીચો જાય છે. પરંતુ રાજયોએ વિરોધ કર્યો કે હાલના તકે જયારે વ્યાપાર ધંધાને મોટો ફટકો પડયો છે તે સમયે તેના માટે આડકતરી રીતે પણ દર વધારવાનું યોગ્ય ગણાશે નહી. આ બેઠકમાં કેન્દ્ર ફકત દર વધારવા ઉપર નહી પરંતુ જીએસટીનું એકંદર કલેકશન વધે તે માટેના માર્ગો શોધવા જણાવાયુ છે. જોકે રાજયોને જે વળતરનો પ્રશ્ન છે તેમાં કેન્દ્રએ અગાઉ જ જીએસટી કાઉન્સીલ ખુદ જ બજારમાંથી નાણા ઉપાડે અને રાજયને ચુકવે તેવું મીકેનીઝમ ગોઠવવા જણાવાયુ છે. જોકે જીએસટી કાઉન્સીલને માર્કેટમાંથી નાણા ઉપાડવા માટે પહેલા રીઝર્વ બેંકની મંજૂરી જરૂરી છે અને તેનું મીકેનીઝમ પણ ગોઠવવું પડે એટલું જ નહી તેના રીપેમેન્ટ માટે પણ રાજયો સહયોગ આપે તે જરૂરી છે. કેન્દ્રના અધિકારીઓએ સુચવ્યુ હતું કે લાંબા સમયથી જીએસટીના દરોમાં એક સરખાપણુ અને સુધારા કરવાની આવશ્યકતા છે તેનાથી આવક વધશે તે પણ નિશ્ચિત છે. ઉપરાંત વધુ આઈટમોને શેષ અસર લાવવી તે એક ઉપાય હતો. અધિકારીઓએ સુચવ્યા કે હાલ જે ૫ ટકાનો દર છે તે ૭ થી ૮ ટકા અને હાલ જે ૧૨ ટકાનો સ્લેબ છે તેના ૧૮ ટકા સુધી લઈ જવાઈ અને પસંદગીના ઉત્પાદનોને તેમાં સમાવાય તો રૂા.૧ લાખ કરોડની વધારાની આવક મેળવી શકાય. જોકે તેના માટે રાજયોએ વધુ અભ્યાસની આવશ્યકતા જણાવી હતી. આ ઉપરાંત તમામ રાજયોએ ઈંધણ ઉપરના વેટને વધાર્યો છે અને કેન્દ્ર સરકાર પણ સતત ભાવ વધારો કરી રહી છે તેથી તે ક્ષેત્રને હાલ અડવાનો સમય નથી.

### ઈનપુટ ટેકસ ક્રેડીટના કારણે વાસ્તવિક નીચા દર ધરાવતા ઉત્પાદનો પર જીએસટી વધી શકે : હાલના ૫ ટકાના સ્લેબને ૭ થી ૮ અને ૧૨ ટકાના સ્લેબમાં ૨૦૦થી વધુ ઉત્પાદનો લઈ જવાની પણ વિચારણા

ભારતના ઉત્તર પૂર્વના રાજ્યોમાં ચોમાસાનું વિધિવત આગમન થતાં પૂર્વે શરૂ થયેલી પ્રિ મોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે ઉત્તર પૂર્વના કેટલાક વિસ્તારોમાં હળવોથી ભારે વરસાદ પડી રહ્યો છે, તસ્વીરમાં પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાના કિષ્ણાનગરમાં પડી રહેલા ધોધમાર વરસાદ વચ્ચે પાણી ભરાયેલા માર્ગ પરથી લોકો છત્રી સાથે પગપાળા પસાર થઈ રહેલા નજરે પડે છે.

## રિઝર્વ બેન્કના રિપોર્ટમાં થયો ખુલાસો

# કોરોનાએ સૌને કરકસર કરવા મજબૂર કર્યા: સામાન્ય જનનો ખર્ચ ઘટયો, બચત વધી

નવી દિલ્હી તા.૧૬

દેશ-દુનિયામાં કોરોના મહામારી અને તેના કારણે આવેલા લોકડાઉને ભલભલાના બજેટ વિખેરી નાખ્યા છે. નોકરી-ધંધા ત્રણ-ત્રણ મહિના બંધ રહેવાથી લોકોની આવક ઘટવાથી લોકોની ખર્ચ કરવાની આદત પણ બદલાઈ ગઈ છે. લોકોનો ખર્ચ ઘટી ગયો છે અને બચત વધી ગઈ છે. રિઝર્વ બેન્ક (આરબીઆઈ) તરફથી જાહેર રિપોર્ટમાં આ જાણકારી મળી છે.

રિઝર્વ બેન્કની રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં લોકો તરફથી વધુ બચત કરવાથી તેમની શુદ્ધ નાણાકીય સંપતિ વધીને ૧૫.૬ લાખ કરોડ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. આંકડા મુજબ આ રકમ દેશના સકલ ઘરેલુ ઉત્પાદ (જીડીપી)ના ૭.૭ ટકાની બરાબર છે એનાથી ગત નાણાકીય વર્ષમાં લોકોની કુલ બચત ૧૩.૭ કરોડ હતી અને તે જીડીપીના ૭.૨ ટકા હતી.

**હજુ બચત વધવાની આશા**

આરબીઆઈ અનુસાર, ચાલુ નાણાકીય વર્ષની પ્રથમ ત્રિમાસિકમાં સામાન્ય લોકોની બચત વધુ વધવાની આશા છે. આનું કારણ કોરોના સંકટના કારણે ખર્ચમાં કરવામાં આવેલી મોટી કપાત છે. રિપોર્ટ અનુસાર ચાલુ નાણાકીય વર્ષની પ્રથમ ત્રિમાસિકમાં લોકોની બચત નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના સ્તરે પહોંચી ગઈ છે.

**બેન્કોમાંથી લોન લેવામાં પણ ઘટાડો થયો**

કોરોનાથી ઉપજેલી આર્થિક અસ્થિરતાથી સામાન્ય લોકો બેન્કમાંથી લોન નથી લેતા. જેના કારણે બેન્કોના લોનમાં પણ મોટો ઘટાડો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં બેન્કોએ આમજનોને ૭.૫ લાખ કરોડ રૂપિયાની લોન આપી હતી જે વર્ષ ૨૦૧૯-૨૦માં ઘટીને ૬.૦૧ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકના આંકડા હજુ જાહેર નથી થયા.

**કોરોનાથી પેદા થયેલી આર્થિક અસ્થિરતાને કારણે બેન્કમાંથી લોન લેવામાં મોટો ઘટાડો**

તેમાં પણ બેન્ક લોનમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે.

## મંદીનો સામનો કરનાર વેપારીઓને રાહત

# લોકડાઉનમાં અટકેલા 'વેટ' રિફંડનાં ચૂકવણાની ઝુંબેશ શરૂ

રાજકોટ,તા. ૧૬

તાજેતરમાં લોકડાઉન દરમિયાન જીએસટીની મોટાભાગની કામગીરી ઠપ્પ જેવી થઈ ગઈ હતી. ખાસ કરીને વેપારીઓના વેટના રિફંડની કામગીરી લગભગ ખોરંભે ચડી ગઈ હતી અને રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતના અસંખ્ય વેપારીઓના વેટના કરોડો રુપિયાના રિફંડ અટકી ગયા હતા. એક તરફ લોકડાઉનના કારણે આવેલી મંદીનો માર અને બીજી તરફ વેપાર-ધંધા સાવ ઠપ્પ આવી સ્થિતિમાં અસંખ્ય વેપારીઓનાં વેટના રિફંડ અટકી જતાં વેપારીઓ અને ઉદ્યોગકાર વર્ગમાં ભારે દેકારો મચી ગયો હતો.

આ પ્રશ્ન અંગે વેપારી સંગઠનો દ્વારા તાજેતરમાં જ રાજ્યનાં મુખ્યમંત્રીને અસરકારક રજૂઆતો પણ કરવામાં આવેલ હતી. આ રજૂઆતના પગલે સરકાર દ્વારા વેપારીઓ અને ઉદ્યોગકારોને વેટનાં બાકી રિફંડના ચૂકવણા ઝુંબેશ સ્વરુપે શરુ કરવા જીએસટી તંત્રને સૂચના આપી હતી.

આ સુચનાને પગલે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં પણ જીએસટી તંત્ર દ્વારા વેપારી અને ઉદ્યોગકારોને વેટના બાકી રિફંડના ચૂકવણા ઝુંબેશ સ્વરુપે ચૂકવવાનું છેલ્લા ૧૫ દિવસથી શરુ કરી દેવામાં આવેલ છે. અને અનેક વેપારીઓને વેટના બાકી રિફંડના કરોડો રુપિયાના ચૂકવણા ૧૫ દિવસમાં કરી દેવાયા છે અને હજુ પણ આ ચૂકવણા પૂરજોશમાં ચાલુ હોવાનું જાણવા મળેલ છે.

દરમિયાન જીએસટીના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ રાજકોટ જીએસટી વિભાગના ડીવીઝન ૧૦ અને ૧૧ દ્વારા છેલ્લા ૧૫ દિવસ દરમિયાન ૨૦૮ જેટલા કેસોનું વેટના રિફંડ પેટે રુ. ૩૯.૨૮ કરોડના ચૂકવણા થઈ જવા પામ્યા છે. આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ જીએસટીના ડીવીઝન ૧૦ દ્વારા છેલ્લા ૧૫ દિવસ દરમિયાન ૧૨૪ કેસમાં વેટના રિફંડ પેટે રુ. ૨૭.૮૮ કરોડના ચૂકવણા કરવામાં આવ્યાં છે. જ્યારે વિભાગ ૧૧ દ્વારા ૮૪ કેસોમાં રુ. ૧૨ કરોડથી વધુના ચૂકવણા વેટ રિફંડ પેટે કરવામાં આવ્યા છે.

## સતત ૧૦મા દિવસે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં વધારો

(જી.એન.એસ.) ન્યુ દિલ્હી,તા.૧૬

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતોમાં ઘટાડો થયાં છતાં દેશમાં આજે સતત દસમાં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થયો છે. તેલ કંપનીઓએ સતત દસમાં દિવસે કિંમતોમાં વધારો કર્યો છે. દિલ્હીમાં મંગળવારે પેટ્રોલનો ભાવ વધીને ૭૬.૭૩ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે. તો ડીઝલના ભાવમાં પણ વધારો થયો છે. ડીઝલનો ભાવ મંગળવારે ૭૫.૧૯ રૂપિયા પ્રતિ લીટર પહોંચી ગયો છે, જ્યારે સોમવારે તેનો ભાવ ૭૪.૬૨ રૂપિયા હતો. તો અમદાવાદમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર ૭૪.૩૩ અને ડીઝલનો ભાવ ૭૨.૬૭ રૂપિયા થયો છે.

મુંબઈમાં આજે પેટ્રોલ ૮૩.૬૨ રૂપિયા અને ડીઝલ ૭૪.૧૧ રૂપિયા પ્રતિ લીટર છે. તો ચેન્નઈમાં એક લીટર પેટ્રોલ ૮૦.૩૭ અને ડીઝલ ૭૩.૧૭ રૂપિયા છે.


**નામ બદલેલ છે**

મારૂ જૂનું નામ પ્રેમીલા ગૌતમભાઈ પટેલથી બદલીને નવું નામ પ્રેમીલાબેન ગૌતમભાઈ પટેલ કરેલ છે.
સરનામું: ૨૦૨, આર્યમાન ફ્લેટ, ઉસ્માનપુર, અમદાવાદ

**નામ બદલેલ છે**

મારૂ જૂનું નામ ભાવેશ નરેશભાઈ અમીનથી બદલીને નવું ભાવેશ નરેશચંન્દ્ર અમીન રાખેલ છે.
સરનામું: ૯, ચન્દ્રલોક બંગ્લોસ, સોલા, અમદાવાદ

**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**South West Zone-Engineering Department**
**Short Tender Notice No.2/2019-20**
For Works of Road, Drainage, Building & Water
Date of Submission:24/06/2020
Time: 04.00 pm
Tender Opening Date: 25/06/2020
Time: 12.00 pm
Details and Tender available on www.ahmedabadcity.gov.in

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**મહાનગર સેવા સદન,અમદાવાદ**
**જાહેર જનતા જોગ ચેતવણી**

આથી અમદાવાદ શહેરની જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા શહેરીજનોને સ્ટ્રીટલાઇટની સુવિધા પુરી પાડવામાં આવે છે. સદર સ્ટ્રીટલાઇટની સુવિધા માટે ઉભા કરવામાં આવતા તમામ સ્ટ્રીટ લાઇટનાં પોલ્સ તથા તેના પાવર ફીડીગ સેકશન, સુરક્ષાનાં તમામ પાસાની ચકાસણી કરી ચાલુ કરવામાં આવે છે. ત્યારબાદ અન અધિકૃત માણસો દ્વારા બિન અધિકૃત રીતે સામાજીક અને ધાર્મિક પ્રસંગો દરમ્યાન સ્ટ્રીટલાઇટના પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેકશનમાંથી પાવર લેતાં, સ્ટ્રીટલાઇટના પોલ્સ તથા તેના પાવર ફીડીગ સેકશન સાથે ઢોર ઢાંખર (પશુ પ્રાણી) બાંધતા, સ્ટ્રીટલાઇટના પોલ્સ પર તાર કે વાયર બાંધીને કપડા સુકવતા હોવાનું તેમજ જાહેરાતના હોર્ડિંગ્સ લગાવતા હોય છે જેનાથી તેમાં કરંટ લાગવાની અને જાનહાની થવાની શક્યતા છે. કેટલીક જગ્યાએ સ્ટ્રીટલાઇટનાં પોલ્સ અને કેબલ ઉપર દબાણ કરી કવર કરી દેતાં તથા અન અધિકૃત માણસો દ્વારા સ્ટ્રીટલાઇટનાં પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેકશનમાંથી કેબલ કાપી તથા તેને આનુસાંગિક ઇલેક્ટ્રીકલ પ્રોટેકશન સીસ્ટમ માટે જરૂરી રીલે, ફયુઝ, એમ.સી.બી., વગેરે જેવી વસ્તુઓની ચોરી કરીને પાવર ફીડીંગ સેકશનને ગંભીર હાલતમાં મુકવામાં આવે છે, આ ઉપરાંત વાયરો, જંકશન બોક્સ તેમજ પાવર ફીડીંગ સેકશનને ખુલ્લા મુકતા હોવાનું માલુમ પડેલ છે. જે અત્યંત જ ગંભીર બાબત છે.

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનનાં સ્ટ્રીટલાઇટના પોલ્સ તથા પાવર ફીડીંગ સેકશનમાં ૨૩૦/૪૪૦ વોલ્ટનો જીવંત પાવર હોય છે જેનાથી તેમાં કરંટ લાગવાનો અને જાનહાની થવાની પુરી સંભાવના છે. તેથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનાં સ્ટ્રીટલાઇટનાં પોલ્સ તથા પાવરફીડીંગ સેકશનને ચાલુ કે બંધમાં અડકવું નહી, તેમાંથી બિન અધિકૃત રીતે પાવર લેવો નહિ તથા સ્ટ્રીટલાઇટના પોલ્સ તથા પાવર ફીડીંગ સેકશન માંથી કેબલ કાપી તથા તેને આનુસાંગિક ઇલેક્ટ્રીકલ પ્રોટેકશન સીસ્ટમ માટે જરૂરી રીલે, ફયુઝ, એમ.સી.બી., વગેરે જેવી વસ્તુઓની ચોરી કરવી નહી અને જો કોઇ શખ્સ સ્ટ્રીટ લાઇટ પોલ્સ તથા પાવર ફીડીંગ સેકશનમાંથી ચોરી કરશે કે અડકશે કે બિન અધિકૃત રીતે પાવર લેશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તથા સદરહું પરિસ્થિતિમાં જો કોઇ જાનહાની કે અન્ય કોઇપણ નુકશાનની તમામ જવાબદારી અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનની રહેશે નહી. તેની વખતો વખત જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

"મ્યુનિસિપલ સેવાને લગતી ફરીયાદ માટે-૧૫૫૩૦૩"
"સ્ટ્રીટલાઇટની ફરીયાદ માટે (૨૪x૭ માત્ર ચોમાસા દરમ્યાન)- ૧૮૦૦ ૧૦૨૫ ૧૧૩, ૧૮૦૦ ૧૨૧૨ ૫૪૭૮૧" SMS કંમ્પલેન માટે-૯૮૨૧૫૭૯૪૩૬

સ્ટ્રીટલાઇટ ડીપાર્ટમેન્ટ
અ.મ્યુનિ.કોર્પોરેશન

**ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમ લીમીટેડ**
**ટુંકા ગાળાની ઈ-ટેન્ડર નિવિદા નં.૨૪/૨૦૨૦-૨૧**

(૧) કામનું નામઃ ચોમાસુ-૨૦૨૦ ના સમયગાળા દરમ્યાન પૂર રાહતની કામગીરી માટે ડીવોટરીંગ યુનિટો તથા તેને સંલગ્ન ટ્રક/ટ્રેકટર અને ટ્રોલી ના સંચાલન, નિભાવણી અને રીપેરની કામગીરી માટે મેનપાવર તરીકે સુપરવાઇઝર, કલાર્ક, ટ્રક ડ્રાઇવર અને હેલ્પર પુરા પાડવાની કામગીરી બાબત
(૨) અંદાજીત કિંમતઃ રૂા.૭૩૫૦૮૮૬.૦૦
(૩) ઓન લાઇન ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ/સમય તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજ ૧૮.૦૦ કલાકે
(૪) કાર્યપાલક ઇજનેરશ્રી(યા), યુનિટ.૪, શહેર દાણાપીઠ, સેન્ટર ફાયર સ્ટેશન,અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં.(૦૭૯)૨૨૧૧૪૦૮૩ ફેક્સ નં.(૦૭૯) ૨૯૭૦૬૭૬૦
(૫) વધુ વિગત માટે www.statetenders.com, www.gwrdc.gujarat.gov.in તથા www.nprocure.com મારફતે જોઇ શકાશે. તથા ટેન્ડર ફક્ત ઓન લાઇન ભરવાનું રહેશે. ટેન્ડર આર.પી.એ.ડી.સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી પોસ્ટ મારફતે સ્વિકારવામાં આવશે નહીં.

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૬૦/૨૦૨૦

**FORM G**
**INVITATION FOR EXPRESSION OF INTEREST**
(Under Regulation 36A (1) of the Insolvency and Bankruptcy (Insolvency Resolution Process for Corporate Persons) Regulations, 2016

| RELEVANT PARTICULARS | | |
|---|---|---|
| 1 | Name of the corporate debtor | M/s. Shalfali Steels Limited |
| 2 | Date of incorporation of corporate debtor | 23/12/1994 |
| 3 | Authority under which corporate debtor is incorporated / registered | RoC-Ahmedabad |
| 4 | Corporate identity number / limited liability identification number of corporate debtor | U27109GJ1994PLC023962 |
| 5 | Address of the registered office and principal office (if any) of corporate debtor | Block No 1563/P Vill Santej Kalol Gandhinagar , Gujarat, India |
| 6 | Insolvency commencement date of the corporate debtor | 17/12/2019 |
| 7 | Date of invitation of expression of interest | 17/06/2020 |
| 8 | Eligibility for resolution applicants under section 25(2)(h) of the Code is available at: | Details can be obtain by sending email at : cirp.shalfalisteel@gmail.com pksheth@hotmail.com |
| 9 | Norms of ineligibility applicable under section 29A are available at: | As per section 29(A) and other provisions under Insolvency & Bankruptcy Code – 2016. Detail Available on:www.ibbi.gov.in |
| 10 | Last date of receipt of expression of interest | 02/07/2020 |
| 11 | Date of issue of provisional list of prospective resolution applicants | 12/07/2020 |
| 12 | Last date for submission of objections to provisional list | 17/07/2020 |
| 13 | Date of issue of final list of prospective resolution applicants | 27/07/2020 |
| 14 | Date of issue of information memorandum, evaluation matrix and request for resolution plans to prospective resolution applicants | 17/07/2020 |
| 15 | Manner of obtaining request for resolution plan, evaluation matrix, information memorandum and further information | Information memorandum, request for resolution plan and evaluation matrix will be shared by the resolution professional with the shortlisted prospective resolution applicant(s) meeting the eligibility criteria as set out by the Committee of Creditors and compliance with section 29A of the IBC 2016 after receiving a confidentiality undertaking as per section 29(2) of the IBC 2016 |
| 16 | Last date for submission of resolution plans | 17/08/2020 |
| 17 | Manner of submitting resolution plans to resolution professional | **1. Sealed envelope containing the complete set of requirements of application should be submitted to or delivered in person to the resolution professional through speed post / registered post or by hand delivery addressed to :** Insolvency Professional Mr.Parag Sheth 404, Sachet II, Opp. GLS University, Maradia Plaza Lane, C.G. road, Ahmedabad – 380006. A soft copy is required to be mailed to : cirp.shalfalisteel@gmail.com pksheth@hotmail.com |
| 18 | Estimated date for submission of resolution plan to the Adjudicating Authority for approval | 07/09/2020 |
| 19 | Name and registration number of the resolution professional | Parag Sheth Registration No. IBBI / IPA-002 / IP-N00142 / 2017-18 / 10381 |
| 20 | Name, Address and e-mail of the resolution professional, as registered with the Board | Parag Sheth 404, Sachet II, Opp. GLS University, Maradia Plaza Lane, C.G. road Ahmedabad – 380006. pksheth@hotmail.com |
| 21 | Address and email to be used for correspondence with the resolution professional | 404, Sachet II, Opp. GLS University, Maradia Plaza Lane, C.G. road Ahmedabad – 380006. cirp.shalfalisteel@gmail.com, pksheth@hotmail.com |
| 22 | Further Details are available at or with | cirp.shalfalisteel@gmail.com, pksheth@hotmail.com |
| 23 | Date of publication of Form G | 17.06.2020 |

1. The Form G is published pursuant to the resolution passed by the CoC members vide Voting concluded on 05.06.2020
2. Form G published herein shall be subject to approval of the Hon'ble NCLT, Ahmedabad bench granting extension of CIRP Period by 90 days beyond 180 Days.
3. As per the Insolvency & Bankruptcy Board of India (Insolvency Resolution Process for Corporate Person) (Third amendment) Regulation – 2020 notification dated 29.03.2020, Inserted new regulation 40(C) Special provision relating to timeline, last date of completion of the CIRP shall be 07th August, 2020 (Earlier it was 14.06.2020)

Mr. Parag Sheth
Resolution Professional
IBBI / IPA-002 / IP-N00142 / 2017-18 / 10381
For M/s. Shalfali Steels Limited
Date:17th June, 2020
Place: Ahmedabad

**FRESHTROP FRUITS LTD**
Registered Office: A-603, Shapath IV, Opp. Karnavati Club, S.G. Road, Ahmedabad-380015
CIN: L15400GJ1992PLC018365 | Website: www.freshtrop.com | Email: secretarial@freshtrop.com
**NOTICE**
Pursuant to **Regulations 29 and 47** of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on **Thursday, 25th June 2020** via video conference to inter alia, transact the following business:
1. To consider and approve the Audited Financial Results for the quarter and year ended March 31, 2020.
2. Any other business with the permission of chair.
The said Notice is also available at Company's website **www.freshtrop.com** and on the website of stock exchanges at www.bseindia.com.
By order of the Board
FOR, FRESHTROP FRUITS LIMITED
Sd/-
Ashok Motiani
Chairman & Managing Director
DIN No. : 00124470
Date : 15-06-2020
Place : Ahmedabad

**એમ્કો એલીકોન (ઈન્ડિયા) લિમિટેડ**
CIN : L29199GJ1974PLC002574
રજીસ્ટર્ડ ઓફિસઃ આણંદ-સોજીત્રા રોડ,વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.ગુજરાત
Ph : (02692) 230602 Fax : (02692) 236506.
Email : investor@eimcoelecon.in Website : www.eimcoelecon.in
**નોટિસ**
(કંપનીના ઈક્વિટી શેરધારકોના ધ્યાન માટે)
કંપનીના ઈક્વિટી શેરોને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (આઈઈપીએફ) ઓથોરિટી માં તબદીલ કરવા માટે.
કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૧૨૪(૬) ની જોગવાઈઓ મુજબ સાથે ઈન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેકશન ફંડ ઓથોરિટી (એકાઉન્ટીંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રીફંડ) નિયમો, ૨૦૧૬ ('નિયમો') જે ધ મિનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ (એમસીએ) ભારત સરકાર દ્વારા સૂચિત કરવામાં આવ્યા છે અને તેના પછીના સુધારા મુજબ નોટિસ આપવામાં આવે છે કે નાણાકીય વર્ષ ૨૦૧૨ - ૨૦૧૩ દરમિયાન જાહેર કરાયેલ ડિવિડન્ડ, જેના ઉપર સાત વર્ષ સુધી દાવો થયેલ નથી તે આઈઈપીએફ માં જમા કરવામાં આવશે. આ અનુરૂપ શેર કે જેના ઉપર સતત સાત વર્ષ સુધી ડિવિડન્ડ ચુકવાયેલ નથી અથવા દાવો કરવામાં આવેલ નથી તે નિયમોમાં સૂચિત કાર્યવાહી મુજબ તબદીલ કરવામાં આવશે.
કંપની દ્વારા એવા શેરોને આઈઈપીએફ માં તબદીલ કરવામાં આવશે નહી જેના ઉપર કોર્ટ / ટ્રિબ્યુનલનો કોર્ટ ચોકકસ આદેશ ફરમાવવા માં આવ્યો હશે જે આવા શેરોની તબદીલી ને અટકાવશે અથવા ડિપોઝિટરીઝ ધારા, ૧૯૯૬ હેઠળ આવા શેરો ના ગીરો મુકવામાં આવ્યો હશે.
કંપનીએ સંબંધિત શેરધારકો કે જેમના શેર આઈઈપીએફ ના નિયમો હેઠળ તબદીલ કરવા માટે જવાબદાર છે, તેમને યોગ્ય પગલાં લેવા માટે વ્યક્તિગત રીતે પત્ર વ્યવહાર કરેલ છે. સંબંધિત શેરધારકો કે જેમના શેર્સ આઈઈપીએફ ઓથોરીટીને તબદીલ કરવા યોગ્ય છે તે તેમના શેર્સની વિગતો ચકાસવા માટે વેબ સાઈટ www.eimcoelecon.in નો સંદર્ભ લઈ શકે છે.
શેરધારકો કે જેમણે નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ થી ડિવિડન્ડ ચુકવાયેલ નથી અથવા દાવો કરેલ નથી, તેઓ ને વિનંતી કરવામાં આવે છે કે તેઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ. ને ડિવિડન્ડ નો દાવો કરવા માટેની અરજી કરીને આઈઈપીએફ માં તબદીલ થાય તે પહેલા મેળવી લેવામાં આવે.
લાગતા વળગતા શેરધારકો કે જેઓ તેમના શેર ભૌતિક સ્વરૂપે ધરાવે છે અને જેમના શેરોને આઈઈપીએફ ખાતે તબદીલ કરવાને પાત્ર છે તેઓ નોંધી લે કે તેમણે ધારણ કરેલ અસલ શેર સર્ટીફીકેટની સામે કંપની નવા શેર સર્ટીફીકેટ જારી કરીને તેમને ડિમેટ ફોર્મમાં પરિવર્તિત કરશે અને તેને તુરંતજ આઈઈપીએફ ઓથોરીટી દ્વારા શરૂ કરાયેલ ડિમેટ ખાતામાં તબદીલ કરવામાં આવશે. આ શેર જારી થવાથી અસલ શેર સર્ટીફીકેટ જે શેરધારકોના નામે નોંધાયેલા છ, તે સ્વયં રદ થશે અને તે રદબાતલ માની લેવામાં આવશે. જે શેરધારકો તેમના શેરને ડિમેટ ફોર્મમાં ધરાવે છે તે કિસ્સામાં શેરોને તેમના ડિમેટ ખાતા માંથી તબદીલ કરવા કંપની દ્વારા આઈઈપીએફ ઓથોરીટી જે હવે પછી જે સૂચન કરે તે અનુસાર કોર્પોરેટ એકશન દ્વારા સંબંધિત ડિપોઝીટરીને જાણ કરવામાં આવશે.
જો કંપનીને સંબંધિત શેરધારકો પાસેથી ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ અથવા તે પહેલા કોઈ સંચાર સ્વરૂપ પ્રાપ્ત નહીં થાય તો કંપની તેવા શેરોને આઈઈપીએફ ઓથોરીટી સાથે જમા કરાવશે. આ શેરો ઉપર ડિવિડન્ડ જાહેર કરવામાં આવશે, તો તે પણ આઈઈપીએફ ખાતે જમા કરવામાં આવશે. કંપની સામે બાકી રહેલા ડિવિડન્ડનાં સંદર્ભમાં કોઈપણ દાવો કરી શકાશે નહી આ શેરોને આઈઈપીએફ ખાતે તબદીલ કરવામાં આવશે. શેર અને તેનું ડિવિડન્ડ આઈઈપીએફ ખાતે તબદીલ થયા પછી કંપની સામે તે સંદર્ભે કોઈપણ દાવો કરી શકાશે નહી.જો કોઈ શેરધારકોને તેનો દાવો કરવો હોય તો આઈઈપીએફ નિયમોમાં જણાવ્યા મુજબ આઈઈપીએફ ઓથોરીટીને અરજી કરી શકે છે. દાવો કરવાની પ્રક્રિયા આઈઈપીએફ ની વેબસાઈટ www.iepf.gov.in ઉપર પણ ઉપલબ્ધ છે.
શેરધારકોને ઉપરોક્ત બાબત અને તેના નિયમો અંગે કોઈપણ બાબતની સમસ્યા હોય તો તે કંપનીને ઉપર જણાવેલ સરનામે અથવા કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટને નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવા વિનંતી.
લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ. યુનીટ, એમ્કો એલીકોન (ઈન્ડિયા) લિમિટેડ, બી ટાવર, બી-૧૦૨,૧૦૩, શાંગીલા કોમ્પલેક્ષ, પહેલો માળ,એચ ડી એફ સી બેંક ની પાસે, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા -૩૯૦૦૨૦, ફોનઃ + ૯૧ ૨૬૫-૨૩૫૬૫૭૩, ૨૩૫૬૭૬૪. ફેક્સઃ + ૯૧ ૨૬૫-૨૩૫૬૭૬૧ ઈમેઈલઃ vadodara@linkintime.co.in વેબસાઈટઃ www.linkintime.co.in.
સ્થળ : વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૧૭મી જુન, ૨૦૨૦
એમ્કો એલીકોન (ઈન્ડિયા) લિમિટેડ વતી,
સહી/-
રિકેનકુમાર દલવાડી - કંપની સેક્રેટરી